# સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ,ભદ્ર, અમદાવાદ

(ઝેરોક્ષરૂમના સંચાલનનો કોન્ટ્રાક્ટ માસિક લાયસન્સ ફીથી આપવા બાબત )

## TENDER NOTICE

| સી.ન. | વિગત | રીમાર્કસ |
|---|---|---|
| ૦૧ | કામગીરીનો પ્રકાર | અત્રેની કચેરીના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ રૂમ નંબર–૧૮માં ઝેરોક્ષની સેવા આપવા બાબત |
| ૦૨ | સ્થળ | સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ |
| ૦૩ | ટેન્ડરની પ્રસિધ્ધી | અત્રેની કોર્ટની વેબસાઇટ https://ahmedabad-ccc.dcourts.gov.in/ પર ઉપલબ્ધ રહેશે તેમજ કોઇ પણ એક ગુજરાતી દૈનિક સમાચારપત્રની અમદાવાદ આવૃતિમાં. |
| ૦૪ | કામગીરીનો પ્રકાર | અત્રેની કચેરીમાં આવતા વકીલશ્રીઓ તેમજ નાગરીકોને તેઓની જરૂરીયાત મુજબ ઝેરોક્ષ કાઢી આપવાની કામગીરી |
| ૦૫ | ટેન્ડર ફી (નોન રીફંડેબલ) | રૂ.૧,૫૦૦/– (અંકે રૂપીયા એક હજાર પાંચ સો પુરા) નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર<br>**" રજીસ્ટ્રાર, સિટી સિવીલ કોર્ટ, અમદાવાદ "** ની તરફેણનો ટેન્ડરની આખર તારીખ સુધીમાં અચુક જમા કરાવવાનો રહેશે.<br>ઉક્ત જણાવેલ સિવાય અન્ય કોઇપણ સ્વરૂપમાં ( ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર સિવાય) સ્વિકારવામાં આવશે નહી, જેની નોંધ લેવી. |
| ૦૬ | સિક્યોરીટી ડીપોઝીટ | સફળ બિડર / ટેન્ડર મેળવનારે ટેન્ડર મળ્યાના કુલ–૧૫ દિવસમાં રૂ.૫૦,૦૦૦/– (અંકે રૂપીયા પચાસ હજાર પુરા) સિક્યોરીટી ડીપોઝીટ પેટે અત્રેની કચેરીના નાઝર વિભાગમાં અચુક જમા કરાવવાના રહેશે, જે ટેન્ડરની મુદત પુરી થયા બાદ શરતોને આધિન પરત કરવામાં આવશે |
| ૦૭ | સમય અવધિ | તા.01.03.2025 થી 11 માસ અથવા કચેરી દ્વારા જે મુદત નક્કી કરવામાં આવે તે પૈકી જે સમયગાળો ઓછો હોય તેટલી સમય અવધિ રહેશે. |
| ૦૮ | ટેન્ડરની આખરી મુદત અને સમય | અત્રેની કચેરીની વેબસાઇટ https://ahmedabad-ccc.dcourts.gov.in/ માં જણાવ્યા મુજબ તા.૧૬.૦૧.૨૫ થી તા.૨૩.૦૧.૨૪ |
| ૦૯ | વધારાની વિગત | **ટેન્ડર મોકલવાની આખરી મુદત અને સમયસુધીમાં ટેન્ડર બીડ સીલબંધ કવરમાં અચુક મોકલવાની રહેશે.**<br>**તથા ટેન્ડર બીડના સીલબંધ કવર ઉપર**<br>**"ઝેરોક્ષરૂમ અંગેનું ભાવ પત્રક"** **એમ અવશ્ય લખવું** |

**કોન્ટ્રકાકટરે /ટેન્ડર ભરનારે/ બીડરે નીચે મુજબના ભાવો સાથેની સુવિધા અત્રેની કચેરીના ઝેરોક્ષરૂમમાં આપવાની રહેશે. તે સિવાયની અન્ય કોઇપણ સ્ટેશનરી, લેમીનેશન ઇત્યાદી કામગીરી અત્રેના ઝેરોક્ષરૂમમાં અત્રેની કચેરીની પરવાનગી વિના કરી શકાશે નહી.**

| ઝેરોક્ષનો પ્રકાર | મહત્તમ ભાવ પાના દીઠ (રૂપીયામાં) | |
|---|---|---|
| | કુલ ઝેરોક્ષ નંગ–10 થી વધુ હોય ત્યારે | કુલ ઝેરોક્ષ નંગ–10 થી ઓછી હોય ત્યારે |
| A4 SIZE | 0.75 | 1.00 |
| LEGAL SIZE | 1.00 | 1.00 |
| A3 SIZE | 2.50 | 2.50 |

# CITY CIVIL AND SESSIONS COURT, AHMEDABAD

## TENDER APPLICATION FORM

| | | |
|---|---|---|
| 1 | A] Name of Contractor | |
| | B] Status of the Contractor<br>(Individual/Firm/Company/Other-specify) | |
| 2 | Contact Details | |
| | A] Full Postal Address : | |
| | B] E-mail ID : | |
| | C] Telephone/Mobile No. : | |
| 3 | Name and Address of your Bankers, stating the name in which account stands:<br>(copy of First page of bank passbook to be enclosed) | |
| 4 | A] Give Details of any Government Contracts executed (if any) during the last 02 years (append extra page if necessary) | |
| | B] Details of Experience of running the Xerox (if any) Contract in reputed organization.<br><br>(Proof of the same to be enclosed) | |

| Amount of Monthly Licence Fee | |
|---|---|
| In Figures | Rs.__________/- |
| In Words | Rupees_______________________________________________________Only |

Date : / /2025

Place: Ahmedabad

Signature of the Tenderer:

Full Name :

Designation :

# FORM A

On Bidder's Letter Head

From : Date:

To,
Registrar,
City Civil and Sessions Court,
Bhadra,
Ahmedabad-380001.

Subject : To Accept tender Fee…

Respected Sir,

With Reerence to above and as per terms and conditions of Tender, I / We are Depositing herewith Demand Draft / Pay Order No.________ Dated ___/___/2024 of ____________________________________ (Name of Bank and Branch) For Rs.1,500/- (One Thousand Five Hundred Rupees Only )being the amount of Tender Fee.

Thanking You

Yours Faithfully

(Name and Signature along with Stamp)

ENCL - Original Demand Draft / Pay Order

# FORM B

**FORM FOR FURNISHING INFORMATION FOR TENDER / BID**

**Summary Of Bid**

On Bidder's Letter Head

| Sr No | Particulars | To be Filled By The Bidder |
|---|---|---|
| 1 | Name and Address with Pincode<br>of the Bidder with contact<br>details.<br>Mobile no.<br>Fax no.<br>Email id. | |
| 2 | Tender Fee:<br>(a) Number, date and amount of D.D./ Pay Order.<br>(b) Bank on which D.D./Pay Order is drawn. | |
| 3 | Income tax PAN card Number | |
| 4 | Firm / Company Registration certificate | |
| 5 | GST registration certificate | |
| 6 | EPF Registration certificate | |
| 7 | ESIC registration certificate | |
| 8 | Turnover of last three financial years supported by Income Tax Returns or Certificate of Chartered Accountant. | |
| 9 | Any Other (Specify) | |

Place

Date (Name and Signature along with Stamp)

# FORM C

### FORM FOR FURNISHING INFORMATION FOR TENDER / BID

**Summary of Ongoing and Previous Experience related to Xerox Room Services/ Manpower Outsourcing Work Only.**

| Sr No | Name Of Organization | Type Of Manpower Services Provided | | No. Of. Persons Employed | Value of Contract | From Date | To Date | Number of Years-Months-Days. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | Zerox Room (Yes Or No) | (If Not Zerox Room Services, Kindly Specify The other Manpower Services) | | | | | |
| 1 | | | | | | | | |
| 2 | | | | | | | | |
| 3 | | | | | | | | |
| 4 | | | | | | | | |
| 5 | | | | | | | | |
| 6<br>7 | | | | | | | | |
| 8 | | | | | | | | |
| 9 | | | | | | | | |

Place

Date (Name and Signature along with Stamp)

# સુચનાઓ

૧. સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ કોઈપણ અથવા તમામ ટેન્ડરોને નકારી કાઢવાનો અબાધિત અધિકાર અત્રેની કચેરીની ટેન્ડર કમિટીને રહેશે.

૨. ટેન્ડર ફી  નિયત સ્વરૂપમાં અને સમય મર્યાદામાં જમા ન કરાવામાં આવે તો તે અંગેનો ટેન્ડર / બીડ નકારી કાઢવાનો અબાધિત અધિકાર અત્રેની કચેરીની ટેન્ડર કમિટીને રહેશે.

૩. ટેન્ડર ફી તેમજ જરૂરી તમામ દસ્તાવેજો ટેન્ડર ભરનારે / બીડરે સિલબંધ કરવમાં અચુક જમા કરાવવાની રહેશે, જેમાં કવર ઉપર મોકલનાારનું નામ સરનામુ (પીન કોડ સાથે) તેમજ " **સિટી સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદમાં ઝેરોક્ષ રૂમ અંગેનું ભાવપત્રક"** એમ સ્પષ્ટ રીતે વાંચી શકાય તેમજ સુવાચ્ય અક્ષરે લખવું.

૪. ટેન્ડર ફી નોન રીફંડેબલ હોય તે કોઇપણ સંજોગોમાં પરત આપવામાં આવશે નહી.

૫. જો બિડર કોઇ ગુનાહીત પ્રવૃતી સાથે સંકાળાયેલ હોવાની જાણ મળે અથવા ખોટા દસ્તાવજો ઉભા કરી બિડ કરે તે તેવાા કિસ્સાઓમાં સિટી સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ બિડર / ટેન્ડર ભરનારને બ્લેકલીસ્ટ કરવા તેમજ ભવિષ્યમાં અન્ય કોઇ સરકારી , અર્ધ સરકારી કે અન્ય સંસ્થાઓમાં ટેન્ડર ભરવા / બીડ કરવા માટે માટે ગરલાયક ઠેરવવા અંગે હુકમ કરવાનો અબાધિત અધિકાર અત્રેની કચેરીની ટેન્ડર કમિટીને રહેશે.

૬. સિટી સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદને ઉપરોક્ત જણાવેલ ટેન્ડર / બીડની તારીખોમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર અત્રેની કચેરીની ટેન્ડર કમિટીને રહેશે.

૭. ટેન્ડર / બીડ પ્રક્રીયા દરમ્યાન અને પ્રક્રીયા બાદ અત્રેની કચેરીની ટેન્ડર કમિટી દ્વારા લેવામાં આવેલ નિર્ણય આખરી રહેશે.

# ANNEXURE - A

<u>::– શરતો –::</u>

૧. ઝેરોક્ષ રૂમના કોન્ટ્રાક્ટનો સમયગાળો ટેન્ડર મંજુર થયાની તારીખથી ૧૧ માસ સુધીનો રહેશે.

૨. **ઝેરોક્ષ રૂમ ની માસિક લઘુત્તમ લાયસન્સ ફી રૂ. ૮,૭૩૦/– રહેશે. તેનાથી ઓછી લાયસન્સ ફી ભરનારની એજન્સી/ વ્યક્તિની બીડ નકારી કાઢવામાં આવશે.** સફળ બીડરે / ટેન્ડર મેળવનારે સીકયોરીટી ડીપોઝીટ તરીકે રૂ. ૫૦,૦૦૦/– (અંકે રૂપીયા પચાસ હજાર પુરા) ટેન્ડર મળ્યા અંગેનો હુકમ મળ્યેથી દિન–૧૫ માં અત્રેની કચેરીમાં જમા કરવાની રહેશે. સદર રકમ કોન્ટ્રાક્ટ સારી રીતે પુરો થયા બાદ પરત આપવામાં આવશે. જો ઝેરોક્ષ રૂમના કોન્ટ્રાકટર તરફથી કચેરી તરફે કોઇ નુકશાન થાય તો કચેરી નક્કી કરે તેટલી નુકશાનીની રકમ સીક્યુરીટી ડીપોઝીટની રકમમાંથી જે તે સમયે વસુલ લેવામાં આવશે.

૩. ઝેરોક્ષ રૂમ ના કોન્ટ્રાકટરે માસિક લાયસન્સ ફીની રકમ દરેક માસની પાંચ તારીખ સુધીમાં નિયમીત રીતે અત્રેની કચેરીમાં જમા કરાવવાની રહેશે , જો લાયસન્સ ફી નિયત સમયમાં જમાં કરાવવામાં ન આવે તો પ્રતિદીન રૂ. ૫૦–૦૦ લેખે લેઇટ ફી સાથે લાયસન્સ ફી જમા કરાવવાની રહેશે.

૪. જો કોન્ટ્રાકટર સતત બે માસ સુધી લાયસન્સ ફી જમા કરાવવામાં નિષ્ફળ રહે તો તેવા સંજોગોમાં કોઇ પણ પ્રકારની નોટીસ આપ્યા સિવાય કોન્ટ્રાકટરનું લાયસન્સ રદ કરવામાં આવશે.

૫. ઉપર જણાવ્યા પ્રમાણેની માસિક લાયસન્સ ફીમાં વેરાબીલ/લાઇટબીલ વિગેરેનો સમાવેશ થતો નથી.

૬. ઝેરોક્ષરૂમમાં સબ મીટર મુકવામાં આવેલ છે, જેમા ઝેરોક્ષ રૂમના બિલની રકમની ગણતરી નીચે મુજબ કરવામાં આવશે.
મુખ્ય બિલ્ડીંગના વીજ બિલની રકમ / તે બિલના કુલ યુનીટ = ૧ યુનીટની રકમ,
૧ યુનીટની રકમ x ઝેરોક્ષરૂમના સબમીટરના યુનીટ = કોન્ટ્રાકટરે ચુકવવાની રકમ

૭. ઝેરોક્ષ રૂમ ને લગતા અમદાવાદ મ્યુની. કોર્પો. ના આખા નાણાંકીય વર્ષના જે કોઇ વેરા આવે તે કોન્ટ્રાક્ટ્રરે ભરવાના રહેશે અને વેરા બીલ તથા વેરા બીલ ભર્યા અંગેની રસીદની ઝેરોક્ષ કોપી અત્રેની કચેરીમાં જમા કરાવવાની રહેશે. જો અલગ આકારણી કરવામાં ન આવે તો ઝેરોક્ષ રૂમના વેરાની જે ગણતરી કોર્ટ કરશે તે રકમ કોન્ટ્રાક્ટ્રરે ભરવાની રહેશે

૮. જો કોન્ટ્રાકટર કોન્ટ્રાકટ રીન્યુ કરાવવા ઇચ્છતા હોય તો કોન્ટ્રાક્ટ પુરો થયાના એક મહીના અગાઉ અરજી કરવાની રહેશે અને પ્રિન્સીપાલ જજ સાહેબશ્રી ઇચ્છે તો કોન્ટ્રાકટ વધુ સમય માટે રીન્યુ કરી શકશે.

૯. કોન્ટ્રકટર દ્વારા સદર કોન્ટ્રાકટનો કોઇપણ ભાગ કે પુરો કોન્ટ્રાક્ટ કોઇપણ વ્યક્તિ કે સંસ્થાને પેટા હક્કથી આપી શકાશે નહી.

૧૦. કોન્ટ્રાકટર સદર જગ્યાનો ઝેરોક્ષ મશીન (લેમીનેશન મશીન સહીત) મુકવા સિવાય અન્ય કોઇ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહી. સદર જગ્યામાં કોન્ટ્રાકટર કોમ્પ્યુટર કે ટાઇપ મશીન મુકી કોઇપણ પ્રકારનું જોબ વર્ક કરી શકશે નહિ. તેમજ સદર જગ્યામાં કોન્ટ્રાકટર સ્ટેશનરીને લગતી કે અન્ય વસ્તુનું વેચાણ કરી શકશે નહિ.

૧૧ કોન્ટ્રાકટરે ઝેરોક્ષ રૂમની જગ્યામાં લગાવવામાં આવેલ બારી, બારણાં, લાઇટ–પંખા કે ઝેરોક્ષ રૂમની સ્થળ સ્થિતીમાં કોન્ટ્રાકટર કોઇપણ પ્રકારનો ફેરફાર કરી શકશે નહી. ઝેરોક્ષ રૂમમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં અત્રેની કચેરીના નામદાર પ્રિન્સીપાલ જજ સાહેબશ્રીની પુર્વ પરવાનગી વિના કરી શકાશે નહી.

૧૨ ઝેરોક્ષ રૂમ માટે ફાળવવામાં આવેલ જગ્યાની નિભાવણી કરવાની તમામ જવાબદાર કોન્ટ્રાકટરની રહેશે.

૧૩ કોન્ટ્રાકટરે કોર્ટ બિલ્ડીંગમાં ઝેરોક્ષ રૂમ ચલાવવા માટે કાયદા મુજબ જે સરકારી/અર્ધસરકારી કચેરીના લાયસન્સની જરૂર હોય તેવા લાયસન્સ મેળવવા માટેની સબંધિત કચેરીઓમાં જાતે કાર્યવાહી કરી જરૂરી

લાયસન્સ તાકીદે મેળવી લેવાના રહેશે.

૧૪ નવનિર્મીત કોર્ટ બિલ્ડીંગને અનુરૂપ સારી ગુણવત્તાવાળા ઝેરોક્ષ રૂમને લગતા તમામ સાધનો તથા ફર્નિચર અંગેની સગવડ કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરવાની રહેશે.

૧૫ ઝેરોક્ષ રૂમમાં વસ્તુઓ પહોંચાડવા માટેના વાહનોને ખાસ સંજોગો કે કારણો સિવાય કચેરી સમયમાં જાહેર જનતાને તકલીફ થાય તે રીતે આવવા જવા દેવામાં કે ઉભા રાખવા દેવામાં આવશે નહી.

૧૬. બાળમજુર પ્રતિબંધક ધારા કે બીજા કોઇ પણ કાયદાનો ભંગ થાય તેવુ કોઇ કૃત્ય કોન્ટ્રાકટ્રે કરવું નહી.

૧૭. ઝેરોક્ષ રૂમમાં વાપરવામાં આવતી સ્ટેશનરી સારી ગુણવત્તાવાળી હોવી આવશ્યક છે. ઝેરોક્ષ રૂમમાં કાયદાથી પ્રતિબંધિત કોઇપણ કાર્યવાહી કરી શકાશે નહિ.

૧૮. ઝેરોક્ષ રૂમમાં આપવામાં આવતી સેવાઓ અંગેનો ભાવ અંગે નામદાર પ્રિન્સીપાલ જજશ્રી તથા કમિટી મેમ્બરશ્રીઓ સમક્ષ એજન્સીએ આપેલ રીવાઇઝ્ડ ભાવો મુજબ જ ઝેરોક્ષ રૂમ ચલાવવાનો રહેશે. અત્રેની કચેરીની પુર્વ પરવાનગી વગર ભાવો વધારી શકાશે નહી.

૧૯. કોન્ટ્રાકટરે સુવાચ્ય ભાવપત્રકનું બોર્ડ (૨*૧.૫ ફુટની સાઇઝનું) ઝેરોક્ષરૂમમાં પ્રસિદ્ધ કરવાનું રહેશે.

૨૦. ઝેરોક્ષ રૂમના કચરાનો નીકાલ કોન્ટ્રાકટરે ઓફીસ સમય પહેલા અથવા ઓફીસ સમય પછી જાતે કરવાનો રહેશે.

૨૧. ઝેરોક્ષ રૂમની આજુબાજુની જગ્યામાં હરહમેંશ સ્વચ્છતા અને ચોખ્ખાઇ રાખવાની રહેશે.

૨૨. ઝેરોક્ષ રૂમની જગ્યા કરાર સમય દરમ્યાન ફક્ત વાપરવા માટે આપવામાં આવે છે, તેનાથી ઝેરોક્ષ રૂમના કોન્ટ્રાકટરને ભાડુઆત તરીકેનો દરજ્જો કે હક્ક મળવાપાત્ર રહેશે નહી.

૨૩. ઝેરોક્ષ રૂમમાં જોખમકારક વસ્તુઓ રાખવી કે સંગ્રહ કરવો નહી.

૨૪. ઝેરોક્ષ રૂમમાં ફાયર સેફ્ટીની સુવિધા પ્રવર્તમાન નિયમ અનુસાર કોનટ્રાક્ટરે સ્વખર્ચ કરવાની રહેશે. ફાયર સેફ્ટીની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૨૫. ઝેરોક્ષ રૂમમાં ટી.વી., રેડીયો કે ટ્રાન્ઝીસ્ટરનો ઉપયોગ કરવાનો નથી.

૨૬. ઝેરોક્ષ રૂમ રાખનારા કોન્ટ્રાક્ટરના માણસોએ ઝેરોક્ષરૂમમા આવનાર અધિકારીઓ, વકીલ, સ્ટાફ-કર્મચારીઓ તથા પક્ષકારો સાથે સભ્યતાથી વર્તવાનું રહેશે.

૨૭. ઝેરોક્ષ રૂમ ચલાવવાનો સમય કોર્ટના કામકાજના દિવસો દરમ્યાન સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધીનો રહેશે. બાકીના સમયગાળામાં ઝેરોક્ષ રૂમમાં કોઇપણ વ્યક્તિને રહેવા દેવાશે નહી. સરકારશ્રીની પ્રવર્તમાન SOP પ્રમાણના આધારે ના. પ્રિન્સીપાલ જજ સાહેબ સમયમાં ફેરફાર સુચવી શકશે જેનો અમલ કરવાનો રહેશે.

૨૮. કોર્ટ કંપાઉન્ડમાં આવેલા ઝાડપાન કે બાગ-બગીચાઓને નુકશાન થાય તેવુ કોઇપણ કૃત્ય કરવું નહી.

૨૯. કોન્ટ્રાક્ટરના સમયગાળા દરમ્યાન માનવ સર્જીત કે કુદરતી કોઇપણ કારણોસર ઝેરોક્ષ રૂમના માલ સામાન કે કોઇપણ કર્મચારીને કંઇપણ નુકશાન થાય તો તે અંગેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૩૦. ઉપરોક્ત શરતોમાં ઉલ્લેખ ન હોય છતા આ કચેરીને ઝેરોક્ષ રૂમ માટે ભવિષ્યમાં યોગ્ય જણાય તેવી શરતો/નિયમો કે હુકમ કરી શકશે અને તેનો અમલ કરવા કોન્ટ્રાકટર બંધાયેલા રહેશે.

૩૧. અત્રેની કચેરીના નામદાર પ્રિન્સીપાલ જજ સાહેબશ્રી અથવા તો તેમના દ્વારા નિયુક્ત કરવામાં આવેલા પ્રતિનિધિ કોઇપણ સમયે ઝેરોક્ષ રૂમ ની મુલાકાત લઇ શકશે તથા ઝેરોક્ષરૂમની સફાઇ કે તેમાં વપરાતી ચીજવસ્તુઓની ગુણવત્તા અંગે ચકાસણી કરી શકશે.

૩૨. કોન્ટ્રાકટર પોતાની ઇચ્છાથી કોન્ટ્રાક્ટ અડધેથી છોડવા માંગતો હોય તેવા સમયે કોન્ટ્રાકટર જે માસથી કોન્ટ્રાક્ટ છોડવા જણાવે તેના ૧ (એક) માસ અગાઉ લાયસન્સ ફી, એવરેજ લાઇટબીલ તથા વેરાબીલ

એડવાન્સમાં જમા કરાવવાનું રહેશે.

૩૩. ઉપર જણાવેલ શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી અત્રેની કચેરીને યોગ્ય જણાય તેવી કાર્યવાહી કોન્ટ્રાક્ટર વિરૂધ્ધ કરી શકશે.

૩૪. કોન્ટ્રાક્ટરનો સમય જે તારીખે પુરો થતો હોય તે તારીખે ઓફીસ સમય બાદ કોન્ટ્રાક્ટરે ઝેરોક્ષ રૂમની જગ્યાનો કબજો સોંપવાનો રહેશે અને ઝેરોક્ષરૂમનો કબજો સોંપતા અગાઉ ચુકવવા પાત્ર તમામ રકમ અત્રેના નાઝર વિભાગમાં જમા કરાવવાની રહેશે.

૩૫. કરારના સમયગાળા દરમ્યાન કોન્ટ્રાકટરનું અવસાન થાય તો આ કરાર સમાપ્ત થયેલો ગણવામાં આવશે અને તેના કાયદેસરના વારસદારોને આ કરાર ઉપર કોઇ હક્ક દાવો રહેશે નહી. આમ છતાં આ સંજોગોમાં કોન્ટ્રાક્ટરના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે આ કામગીરી ચાલુ રાખવા માંગશે તો ૩ (ત્રણ) માસ સુધી આ કામગીરી ચાલુ રાખવામાં આવશે.

૩૬ કુદરતી હોનારત, રોગચાળો કે આકસ્મિક ઘટનાની બાબતને કારણે કોર્ટની કામગીરી બંધ રહેવાના સંજોગોમાં પણ લાયસન્સ ફી ભરવામાંથી મુક્તિ કે છુટછાટ મેળવવા કોન્ટ્રાક્ટર હક્કદાર થશે નહી.

૩૭ કોન્ટ્રાક્ટરે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, અને નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા કોવીડ (કોરોના) તેમજ અન્ય રોગચાળાને અટકાવવા અંગેની ગાઇડલાઇન્સનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩૮ જો AMC અથવા પોલીસ દ્વારા સરકારશ્રીની સુરક્ષાત્મક ગાઇડલાઇન્સ ભંગ અંગેની કાર્યવાહી થાય તો તેની જવાબદારી કોન્ટ્રાક્ટની રહેશે.

તા. ---------------------------

એજન્સીનુ નામ અને સહી